આકાશવાણી, અમદાવાદ

29-11-2026 Midday: 2.30 to 2.35 pm

SUNDAY Regional News

PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશભરમાં નશામુક્તિ વિરુદ્ધ સમાજની સક્રિય ભાગીદારી વધી રહી છે અને નશામુક્ત યુવા અભિયાન સંપૂર્ણ ગતિ સાથે ચાલી રહ્યું છે. આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરતા શ્રી મોદીએ કહ્યું, ભારતના યુવાનોની પ્રતિભાની ચર્ચા આજે સમગ્ર વિશ્વમાં થઈ રહી છે.

શ્રી મોદીએ પટનામાં આવેલા બિહાર મ્યૂઝિયમનો ઉલ્લેખ કરતા કહ્યું હતુ કે દુનિયાના 100 શ્રેષ્ઠ મ્યૂઝિયમની એક યાદીમાં તેને નવમું સ્થાન મળ્યું છે. આ ઉપરાંત શ્રી મોદીએ વડનગરના અનંદ અનાદિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલયનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ચોકલેટ અને કચ્છ વચ્ચેના સંબંધનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, અમૂલ, સ્થાનિક ઊંટપાલકો દ્વારા ઉપલબ્ધ કરાયેલા દૂધનો ઉપયોગ ચોકલેટ અને કેસરના સ્વાદવાળા દૂધ અને રાજભોગ આઈસ્ક્રીમના ઉત્પાદનમાં કરે છે. શ્રી મોદીએ કહ્યું, સુરતની શિમટન ચૉકલેટ પણ મેડ ઈન ઈન્ડિયા ફાઈન ચોકલેટ બ્રાન્ડ તરીકે વૈશ્વિક સ્તર પર પોતાની અલગ ઓળખ બનાવી રહી છે. આ ઉપરાંત શ્રી મોદીએ લોકોને પોતાના ખોરાકમાં તેલના ઉપયોગને 10 ટકા ઘટાડવાની તેમજ ખોરાક અને કસરત પ્રત્યે સાવચેત રહેવાની પણ સલાહ આપી.

ARV MANN KI BAAT

અરવલ્લી જિલ્લાના શામળાજીમાં લોકોએ ભેગા મળીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "મન કી બાત" કાર્યક્રમને નિહાળ્યો. આ અંગે ગામના સ્થાનિક આગેવાને પ્રતિક્રિયા આપી.

CM PATEL AMD PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ખેતરથી કારખાના અને કારખાનાથી વૈશ્વિક બજાર સુધી ગુજરાતની વિકાસયાત્રા દેશ માટે માર્ગદર્શક બનશે. અમદાવાદમાં ગુજરાત રાજ્ય ખાદ્યતેલ વેપારી મહામંડળના 22-મા રાજ્યસ્તરના અધિવેશન કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે ખાદ્યતેલ વેપારી મહામંડળ દ્વારા શરૂ કરાયેલા “શુદ્ધતા માટે યુદ્ધ”ના સંકલ્પની પ્રશંસા કરી હતી. તેમણે વેપારીઓને ગ્રાહકોના સ્વાસ્થ્યની રક્ષા કરવી તેને પ્રાથમિકતા બનાવવા પર ભાર આપ્યો.

આ ઉપરાંત મુખ્યમંત્રી અમદાવાદમાં ગુજરાત હૉસ્પિટલ્સ અને આરોગ્ય સંભાળ સંમેલન – હૉસ્પિકા 2026 અંતર્ગત યોજાયેલા હેલ્થકેર સેવા સન્માન કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

CHHT DyCM THIRD DAY VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ છોટાઉદેપુરમાં ભેખડિયા ખાતે શ્રી હનુમાનજી મહારાજના દર્શન સાથે જિલ્લાના પ્રવાસના ત્રીજા દિવસનો પ્રારંભ કર્યો. ત્યારબાદ તેમણે કવાંટ તાલુકાના મોટાવાંટા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા આવાસની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું. શ્રી સંઘવીએ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સરકારની આવાસ યોજનાનો લાભ જરૂરિયાતમંદ પરિવારો સુધી કેવી રીતે પહોંચી રહ્યો છે તે અંગે પણ માહિતી મેળવી.